# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: અશરફ નથવાણી

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

**તારીખ: ૦૧-૧૨-૨૦૨૪ રવિવાર** **સમય: સવારે: ૬:૫૦**

## PM - પોલીસ મહાનિદેશકો પરિષદ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઓડિશાના ભુવનેશ્વર ખાતે યોજાઇ રહેલી પોલીસ મહાનિદેશકો અને મહાનિરીક્ષકની અખિલ ભારતીય પરિષદમાં ગઈકાલે ઉપસ્થિત રહ્યા હતા. તેઓ આજે પણ આ પરિષદમાં ઉપસ્થિત રહેશે.

પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, શ્રી મોદીએ આ પ્રકારની પરિષદોમાં હંમેશા ખુલ્લી અને અનૌપચારિક ચર્ચાને પ્રોત્સાહન આપ્યું છે. આ પરિષદમાં રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત ડોભાલ, પ્રધાનમંત્રીના અગ્રસચિવ પી.કે. મિશ્રા સહિતના મહત્વના પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યાં છે.

રાષ્ટ્રીય કક્ષાની આ પરિષદમાં આતંકવાદ સામેની લડત, સાઇબર ગુનાઓ, નવા ફોજદારી કાયદાઓ, ડાબેરી પાંખનો ઉગ્રવાદ સહિતના મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરાશે. એવી જ રીતે આ પરિષદમાં નોંધપાત્ર સેવા આપનાર પોલીસ અધિકારીઓ, જવાનોને રાષ્ટ્રપતિના પોલીસચંદ્રકો એનાયત કરાશે.

RNU અમદાવાદ

---

## રાજ્યના આરોગ્ય મંત્રી

ગુજરાત સરકારે PMJAY- મા યોજના અંતર્ગત એમ્પેનલ્ડ હોસ્પિટલ માટે કાર્ડિયોવાસ્ક્યુલર, કાર્ડિયોલોજી, સહિત વિવિધ રોગોની સારવાર માટે નવીન માર્ગદર્શિકા બહાર પાડવાનો નિર્ણય લીધો છે.

ગાંધીનગર ખાતે PMJAY- મા યોજનાની યોજાયેલી સમીક્ષા બેઠક બાદ આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, સારવારની આડમાં માનવ જીવન સાથે ચેડા કરતા ડૉક્ટર કે હોસ્પિટલની ગુનાહિત પ્રવૃતિને કોઇ પણ ભોગે સાંખી લેવામાં નહીં આવે.

એવી જ રીતે રાજય કૌભાંડ વિરોધી એકમને વધુ સુદ્રઢ કરવામાં આવશે, અને નવી ટીમ બનાવીને રાજયની હોસ્પિટલોની સમયાંતરે મુલાકાત દ્વારા અહેવાલ તૈયાર કરાશે.

RNU અમદાવાદ

---

## ગતી શક્તિ વિશ્વ વિદ્યાલય

કેન્દ્રીય રેલવે મંત્રી તથા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ખૂબ જ ટૂંક સમયમાં ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય દેશની ટોચની 10 યુનિવર્સિટીઓમાં સામેલ થશે.

તેમણે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર ભારતીય યુવાનો માટે રોજગારીની વધુ તકો ઊભી કરવા માટે શૈક્ષણિક શિક્ષણને ઔદ્યોગિક માંગ સાથે સંકલિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

વડોદરામાં ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય દેશની પ્રથમ લોજિસ્ટિક યુનિવર્સિટીના બીજા દીક્ષાંત સમારોહને સંબોધતા શ્રી વૈષ્ણવ એ માત્ર લોજિસ્ટિક સેક્ટરમાં જ નહીં પરંતુ સેમી કંડક્ટર, ટાઉન પ્લાનિંગ જેવા અન્ય વિવિધ ક્ષેત્રોમાં પણ ઉદ્યોગને યોગ્ય માનવબળ બનાવવા માટે ગતિ શક્તિ વિશ્વવિદ્યાલયની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

RNU અમદાવાદ

---

## દિશા બેઠક

સાંસદ વિનોદ ચાવડાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ભુજ ખાતે જિલ્લાકક્ષાની ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડીનેશન એન્ડ મોનીટરીંગ કમિટી(દિશા)ની બેઠક મળી હતી. આ સમીક્ષા બેઠકમાં સરકારના વિવિધ વિભાગો હેઠળ ચાલતા વિકાસ કામોની સમીક્ષા સાથે તેને સમય મર્યાદામાં ત્વરાએ પૂર્ણ કરવા સાંસદ દ્વારા સૂચના સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ બેઠકમાં નેશનલ હાઇવે, એરપોર્ટે ઓથોરીટી, પોસ્ટ ઓફીસ, રાષ્ટ્રીય સામાજિક સહાય( સુરક્ષા) કાર્યક્રમ, સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ, પ્રધાનમંત્રી ફસલબીમા યોજના, નેશનલ હેલ્થ મિશન, ડીજીટલ ભારત-સીએસસી, સર્વ શિક્ષા અભિયાન, , પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના,

વગેરે સહિતની વિવિધ યોજના હેઠળ ચાલતા વિકાસ કામોનું સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

NP /અશરફ નથવાણી

---

## બીએસએફ સ્થાપના દિન

સીમા સુરક્ષા દળ બી.એસ.એફ નો આજે 60 મો સ્થાપના દિન છે 1965 નાં એપ્રિલ માં કચ્છ સરહદે ભારત પાકિસ્તાન વચ્ચે ના સંઘર્ષ પછી આ દળની સ્થાપના ની જરૂરત ઊભી થઈ એ રીતે કચ્છ એ સીમા સુરક્ષા દળ ની પ્રેરણા ભૂમિ બની છે આજે આ દળ કચ્છ,રાજસ્થાન,પંજાબ સરહદે સીમાડા ની સુરક્ષા ની જવાબદારી સુપેરે બજાવે છે આ ઉપરાંત કચ્છ ની દરિયાઈ સરહદે બિન અધિકૃત પ્રવૃત્તિઓ ને નાથવા માં આ દળ ની ભૂમિકા મહત્વ ની રહી છે.

**અશરફ નથવાણી**

---

## ડાયાબિટીસ મુક્ત ગુજરાત ભુજ ખાતે યોગ વર્ગ

ભુજ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે યોગ દ્વારા 'ડાયાબિટીસ મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત યોગવર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ યોગવર્ગમાં ડાયાબિટીસથી બચવા શું કરી શકાય, રોગ થયા બાદ જરૂરી તકેદારી સહિતના મુદ્દે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

યોગવર્ગમાં સરકારી આયુર્વેદિક હોસ્પિટલના સહયોગથી આયુર્વેદિક કાઢાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા ડાયાબિટીસના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

**અશરફ નથવાણી**

---

## અંજાર પા પા પગલી ભૂલકા મેળો

કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને તથા ધારાસભ્ય ત્રિકમભાઇ છાંગાની વિશેષ ઉપસ્થિતિમાં અંજાર ટાઉનહોલ ખાતે સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત "પા પા પગલી" પ્રોજેક્ટ હેઠળ ભૂલકાં મેળો 3.0 યોજાયો હતો.

ભુલકાં મેળામાં Low Cost Teaching Learning Materials ની પ્રદર્શની અને સ્પર્ધા યોજવામાં આવી હતી. આ પ્રસંગે આંગણવાડીમાં આવતા બાળકો દ્વારા પૂર્વ પ્રાથમિક શિક્ષણની ૧૭ થીમ આધારિત કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ ભૂલકાં મેળામાં વિજેતા થયેલી કૃતિઓ હવે રાજકોટ ખાતે ઝોન કક્ષાના ભૂલકાં મેળામાં રજૂ કરાશે. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં બાળકોના વાલીઓ તથા આમ નાગરિકોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

**અશરફ નથવાણી**

---